Received on : 13-03-2026
Registered on : 13-03-2026
Decided on : 23-03-2026
Duration : Y M D
- - 10

**જુનાગઢના મે. પાંચમા એડીશ્નલ સેશન્સ જજ સાહેબની કોર્ટમાં,**

**મુ. જુનાગઢ.**

**<u>ફોજદારી પરચુ. અરજી નં. ૧૯૬/૨૦૨૬.</u>**

**આંક– ૦૯**

(૧) સંજયભાઈ બાવકુભાઈ મકવાણા,
ઉ.વ.આ.૨૨, ધંધો–ખેતી, ધર્મે–હિન્દુ,
રહે. રાજપરા, તા. વિસાવદર, જી.જૂનાગઢ.

(૨) જયદિપ ઉર્ફે ભોલો લખુભાઈ મકવાણા,
ઉ.વ.આ.૨૬, ધંધો–હીરા ઘસવાનો, ધર્મે–હિન્દુ,
રહે. રાજપરા, તા. વિસાવદર, જી.જૂનાગઢ.
(હાલ જીલ્લા જેલ, જૂનાગઢ.) ......**અરજદાર/આરોપીઓ.**

**<u>–:: વિરૂધ્ધ ::–</u>**

શ્રી સરકાર,
સમન્સ થ્રુ : સરકારી વકીલશ્રી,
જૂનાગઢ. ......**સામાવાળા.**

**વિષય :–** ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા–૨૦૨૩ ની કલમ ૪૮૩ હેઠળ રેગ્યુલર જામીન અરજી.

**ગુન્હો :–** ભારતીય ન્યાય સંહિતા (ટુંકમાં બી.એન.એસ.)ની કલમ– ૧૪૦(૪), ૩૦૯(૪), ૧૧૫(૨), ૨૯૬(બી), ૩૫૧(૩), ૫૪ તથા ગુજરાત પોલીસ એકટની કલમ–૧૩૫ મુજબ.

**સંદર્ભ :–** જૂનાગઢ તાલુકા પોલીસ સ્ટેશન
ગુ. રજી. નં.૧૧૨૦૩૦૨૫૨૬૦૧૭૦/૨૦૨૬.

---

અરજદાર/આરોપીઓ તરફે વિ. વકીલશ્રી બી. આર. પાનસુરીયા.
સામાવાળા શ્રી સરકાર તરફે વિ. પી. પી. શ્રી એન. કે. પુરોહીત.

---

**-: હુકમ :-**

(૧) હાલની અરજી અરજદાર/આરોપીઓ સામે જૂનાગઢ તાલુકા પોલીસ સ્ટેશન ગુ. રજી. નં.૧૧૨૦૩૦૨૫૨૬૦૧૭૦/૨૦૨૬, બી. એન. એસ. ની કલમ- ૧૪૦(૪), ૩૦૯(૪), ૧૧૫(૨), ૨૯૬(બી), ૩૫૧(૩), ૫૪ તથા જી. પી. એકટની કલમ-૧૩૫ મુજબ ગુનો નોંધાયેલ અને તે ગુનાને કામે હાલના અરજદાર /આરોપીઓ તા. ૦૭-૦૩-૨૦૨૬ થી કસ્ટડીમાં હોય, તેઓ તરફે બી. એન. એસ. એસ. ની કલમ ૪૮૩ અન્વયે રેગ્યુલર જામીન ઉપર મુકત થવા માટે તેમના વકીલશ્રી મારફત હાલની આ અરજી દાખલ કરેલ છે. જે અરજી દાખલ કરી સામાવાળા સરકારશ્રીને નોટીસ કરતા સરકારશ્રી તરફે વિદ્વાન જીલ્લા સરકારી વકીલશ્રી એન.કે.પુરોહીત હાજર થયેલા. તેઓએ પોલીસ તપાસના કાગળો તથા તપાસ કરનાર અમલદારનુ સોગંદનામું આંક-૦૮ થી રજુ કરેલ છે.

(૨) અરજીના અનુસંધાને અરજદાર/આરોપીઓ તરફે વિદ્વાન વકીલશ્રી ને તથા સામાવાળા સરકારશ્રી તરફે વિદ્વાન જીલ્લા સરકારી વકીલશ્રી એન. કે. પુરોહીતને રૂબરૂ સાંભળ્યા. અરજીમાં જણાવેલ હકીકતો અને અરજી સાથે રજુ કરેલ પેપર્સ તથા પોલીસ તપાસના કાગળો અને તપાસ કરનાર અમલદારે આંક-૦૮ થી રજુ કરેલ સોગંદનામું વંચાણે લીધુ.

(૩) અરજદાર/આરોપીઓ તરફે વિદ્વાન વકીલશ્રીએ એવી રજુઆત કરેલ છે કે, અરજદાર/આરોપીઓએ ફરીયાદ મુજબનો કોઈ ગુન્હો કરેલ નથી કે કોઈપણ પ્રકારી સીધો કે આડકતરો ભાગ ભજવેલ નથી, ખોટી રીતે સંડોવી દીધેલ છે. વધુમાં રજુઆત છે કે, અરજદાર/ આરોપીઓ જણાવેલ સરનામે રહે છે, સ્થાવર જંગમ મિલકત ધરાવે છે, કયાંય નાસી-ભાગી જાય તેમ નથી, કુટુંબની જવાબદારીવાળા છે. વધુમાં રજુઆત છે કે, આ કામના ફરીયાદી

તથા સાહેદોને હોસ્પીટલમાંથી રજા આપી દીધેલ છે અને સામાન્ય પ્રકારની ઈજા છે અને ગંભીર પ્રકારની ઈજા ન હોય કોઈ ગંભીર ગુન્હાનો પ્રથમદર્શનીય કેસ નથી. વધુમાં રજુઆત છે કે, ફરીયાદી કે સાહેદને ગોંધી રાખેલ હોય તેવુ ફલીત નથી, પોલીસ સ્ટેશન લઈ જવાના બહાને ખોટી હકીકત ઉભી કરેલ છે જો ફરીયાદી અને સાહેદને ઈજા થયેલ હોય તો દવાખાને ફરીયાદ લેવાવીજોઈએ તેના બદલે પોલીસ સ્ટેશને આવી ફરીયાદ લખાવેલ છે જેથી ફરીયાદી સાહેદને ગંભીર ઈજા નથી અને મોબાઈલ ફોનનુ લુંટનુ બહાનુ બતાવી ખોટી રીતે લુંટના ગુન્હામાં સંડોવી દીધેલ છે અને મુદ્દામાલ મોબાઈલ તેઓને મળી ગયેલ છે જે તમામ હકીકતે અરજદાર/આરોપીઓની જામીન અરજી મંજુર કરવા રજુઆત કરેલ છે.

(૪) જયારે સરકાર તરફે વિદ્વાન વકીલશ્રીએ એવી રજુઆત કરેલ છે કે, આ કામના અરજદાર/આરોપી તથા અન્ય આરોપીઓ ઈકોવાહન લઈને ફરીયાદીના ઘરે આવી ફરીયાદી તથા સાહેદ સંજયભાઈનુ ઈકોગાડીમાં અપહરણ કરી ચાલુ ઈકોમાં ઢીકાપાટુનો ઢોર માર મારી ચાલુ ઈકોમાં વિરપુર ગામ પાસે આરોપી નં.-૧ નાએ ફરીયાદીના મોબાઈલ ફોનની લુંટ કરી ફરીયાદી તથા સાહેદ સંજયને રાજપરાગામ ફાર્મ હાઉસમાં લઈ જઈ બન્નેને ગોંધી રાખી આરોપીઓએ ફરીયાદી તથા સાહેદ સંજયને વારા ફરતી પકડી રાખેલ અને આરોપી નં.-૧- તથા ૪ નાઓએ લાકડી તથા ઢીકાપાટુનો ઢોર માર મારી શરીરે ઈજાઓ પહોંચાડી, ગાળો કાઢી જાનથી મારી નાખવાની ધમકી આપી ગુનો કરવામાં એક બીજા ને મદદગારી કરી ગંભીર ગુન્હો કરેલ છે. વધુમાં રજુઆત છે કે, આ ગુન્હાની તપાસ હાલ ચાલુ છે અને પ્રારંભીક તબકકે છે.અરજદાર/આરોપી ગુન્હાહીત ઈતિહાસ ધરાવે છે. વધુમાં રજુઆત છે કે, અરજદાર/આરોપીઓને જો જામીન મુકત કરવામાં આવશે તો ફરીયાદીતથા સાહેદોને યેનકેન પ્રકારેતોડવાની કોશીષ કરી કેસને નુકશાન

પહોંચાડવાની પુરી શકયતા હોય ગુન્હાની ગંભીરતા અને તપાસકરનાર અમલદારના સોગંદનામાની વિગતોધ્યાને લઈ તમામ હકીકતે અરજદાર/ આરોપીઓની જામીન અરજી નામંજુર કરવા રજુઆત કરેલછે.

**(૫)** બંને પક્ષકારો તરફે કરવામાં આવેલ રજુઆતો ધ્યાને લીધી તથા અરજીમાં જણાવેલ હકીકતો, અરજી સાથે રજુ કરેલ પેપર્સ, પોલીસ તપાસના કાગળો અને તપાસ કરનાર અમલદારે રજુ કરેલ સોગંદનામું ધ્યાને લીધુ.

**(૫.૧)** ફરીયાદ તથા પોલીસ તપાસના કાગળો વંચાણે લેતા, આ કામે આરોપીઓ સામે બી.એન. એસ.ની કલમ– ૧૪૦(૪), ૩૦૯(૪), ૧૧૫(૨), ૨૯૬(બી), ૩૫૧(૩), ૫૪ તથા જી. પી. એકટની કલમ–૧૩૫ મુજબના ગુનાનો આક્ષેપ છે. હાલના અરજદાર/આરોપીઓ સામે ઉકત જણાવેલ ગુના સબંધે ફરીયાદ દાખલ થયા બાદ તા.૦૭/૦૩/૨૬ થી જયુડીશીયલ કસ્ટડીમાં છે. આમ, હાલની અરજી અરજદાર /આરોપીઓએ ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા, ૨૦૨૪ની કલમ ૪૮૩ નીચે અત્રેની અદાલત સમક્ષ કરેલ છે.

**(૫.૨)** જામીન અરજી લગત નિર્ણય કરતી વખતે અદાલતે ધ્યાનમાં રાખવાના માપદંડ શું હોવા જોઈએ તે અંગે નામદાર સુપ્રીમ કોર્ટએ Ajwar and Others V/S Waseem and Another (2024 (0) AIJEL-SC 73697) ના ચુકાદામાં પારા ૨૬માં ઠરાવેલ છે તે આ તબકકે જોવાનું હું ઉચીત માનું છું. જે જોઈએ તો,

> 26. While considering as to whether bail ought to be granted in a matter involving a serious criminal offence, the Court must consider relevant factors like the nature of the accusations made against the accused, the manner in which the crime is alleged to have been committed, the gravity of the offence, the role attributed to the accused, the criminal antecedents of the accused, the probability of tampering of the

witnesses and repeating the offence, if the accused are released on bail, the likelihood of the accused being unavailable in the event bail is granted, the possibility of obstructing the proceedings and evading the courts of justice and the overall desirability of releasing the accused on bail.

(૫.૩) નામદાર સુપ્રીમ કોર્ટના ઉકત ચુકાદાના પરીમાણોને હાલના કેસમાં લાગુ કરતા અને બંને પક્ષોના વિ. વ. શ્રીઓની રજુઆતો અને કેસ પેપર્સ વંચાણે લેતા, આક્ષેપીત ગુનાના કામે આરોપીઓ સામે વ્યથા કર્યા અંગેનો, મહાવ્યથા કરવાના ઈરાદે અપહરણ કર્યા અંગેનો, લુંટ કર્યા અંગેનો, જાહેરમાં અશ્લીલ શબ્દો ઉચ્ચારવા અંગેનો તેમજ ગુનાહિત ધમકી એકબીજાની મદદગારીમાં આપ્યા અંગેનો મહત્તમ દશ વર્ષની શીક્ષા સુધીનો ગુનો કર્યાની જોગવાઈ વાળો ગુનો કર્યાનો આક્ષેપ છે. વળી, જામીન મંજુર કરતી અદાલતે તેમને મળેલ વીવેકબુધ્ધિની સત્તાનો ઉપયોગ ન્યાયીક રીતે કરવાનો છે નહી કે સામાન્ય રીતે તેવું નામદાર સર્વોચ્ચ અદાલતના ચુકાદા Kalyan Chandra Sarkar vs. Rajesh Ranjan @ Pappu Yadav and Anr., (2004 (7) SCC 528) માં ઠરાવવામાં આવેલ છે. વળી નામદાર સર્વોચ્ચ અદાલતના ચુકાદા Jameel Ahmad vs. Mohammed Umair Mohammed Haroon & Anr. (2022 LiveLaw (SC) 222) માં ઠરાવવામાં આવેલ છે કે, જામીનનો હુકમ અદાલતની વીવેકબુધ્ધિને આધીન છે અને તે હુકમ વીવેકપુર્ણ રીતે અને ચોકકસ સ્થાયી પરીમાણોનો ઉપયોગ કરીને અદાલતે કરવો જોઈએ. ગુનો જેટલો ગંભીર હોય જામીન નકારવાની શકયતા તેટલી વધુ હોય છે. જો કે આ કવાયત દરેક કેસના વાસ્તવીક હકીકતો ધ્યાને લઈ થવી જોઈએ. અદાલતે અન્ય બાબતો સાથે આરોપીએ ગુનો કર્યો છે કે કેમ અને ગુનાની ગંભીરતા અને આરોપી દ્વારા કોઈ અવરોધ ઉભો થવાની શકયતા અથવા ન્યાયની પ્રક્રિયાથી બચવાની સંભાવના વીગેરે દ્રષ્ટિકોણ ધ્યાને લેવા જોઈએ. જામીન આપવાથી ન્યાયના વહીવટમાં જાહેર હીત અને આરોપીની વ્યકિતગત સ્વતંત્રતા વચ્ચે યોગ્ય સંતુલન બને છે અને પ્રથમ દ્રષ્ટિએ આ વિશ્લેષણ રેકર્ડ આધારે કરવામાં આવે છે અને નીર્ણાયક નીષ્કર્ષ માટે અદાલતે રેકર્ડ પરના પુરાવાઓની વીગતવાર તપાસ કરી ગુંચવાવું ન જોઈએ તેમ ઠરાવેલ છે. આ કામે ફરીયાદપક્ષની રજુઆત અને કાયદાના

પ્રસ્થાપિત થયેલા સિધ્ધાંતને ધ્યાને લેતા અરજદાર/આરોપીઓને જામીન મુકત કરવાનું આ તબકકે આ કામે ઉચીત જણાતું નથી. કારણ કે જામીન અરજી જે તે કેસના મેરીટસ આધારે જોવાની હોય, અને અલગ અરજીના સંદર્ભમાં કરવામાં આવેલ ચોકકસ અવલોકનો આધારે તે નીર્ણીત કરી શકાય નહી પરંતુ અદાલતે વીવેકબુધ્ધિની સત્તાનો ઉપયોગ કરી નીર્ણીત કરવી જોઈએ. જેથી હાલના કેસના સંજોગો જોતા આરોપી દ્વારા કોઈ અવરોધ ઉભો થવાની શકયતા અથવા ન્યાયની પ્રક્રિયાથી બચવાની સંભાવના જણાય છે. વળી, જામીન આપવાથી ન્યાયના વહીવટમાં જાહેર હીત અને આરોપીની વ્યકિતગત સ્વતંત્રતા વચ્ચે યોગ્ય સંતુલન જોતા આ કામે આરોપી સામે અપહરણ, લુંટ અને વ્યથા કર્યાનો આક્ષેપ હોય, આ પ્રકારના ગુનાઓ હાલના સમયમાં ખુબ જ મોટા પ્રમાણમાં વધેલ હોય, જનમાનસમાં તેની વીપરીત અસર થતી હોય પ્રથમ દ્રષ્ટિએ આ રેકર્ડ આધારે વિશ્લેષણ કરવામાં આવતા આરોપીને પેરીટીને હીસાબે કે ચાર્જશીટ થયા બાદ પણ જામીન ઉપર મુકત યોગ્ય જણાતું નથી. વળી, જામીન પર મુકત કરવાનો હુકમ કરવામાં આવે તો ફરીયાદપક્ષના કેસને નુકશાન પહોંચાડે તેવી ફરીયાદપક્ષે વ્યકત કરેલ દહેશત બનાવનું સ્વરૂપ જોતા નકારી શકાય તેમ નથી. તે તમામ હકીકતો અને સંજોગો તથા બનાવનું સ્વરૂપ અને ગુનાની ગંભીરતાને ધ્યાને લેતા અરજદાર/આરોપીને જામીન મુકત કરવા ન્યાયોચીત જણાતું ન હોય, નીચે મુજબ હુકમ ફરમાવું છું.

-// હુકમ //-

હાલના અરજદાર/આરોપીઓ, હાલ જીલ્લા જેલ, જુનાગઢવાળાએ જામીન ઉપર મુકત થવા માટે રજુ કરેલ હાલની ફોજદારી પરચુરણ અરજી નં. ૧૯૬/૨૦૨૬ આથી નામંજુર કરવામાં આવે છે.

આ હુકમ આજરોજ તા. ૨૩મી માર્ચ, ૨૦૨૬ નાં રોજ ખુલ્લી અદાલતમાં મારી સહી કરી જાહેર કર્યો.

મુકામ- જુનાગઢ

તારીખ- ૨૩/૦૩/૨૦૨૬

(હિતેશ ગીરીશભાઈ દામોદ્રા)
પમાં એડીશ્નલ સેશન્સ જજ,
જુનાગઢ.
(જજ કોડ- GJ01005)